**<u>સંજેલીના મહે. જયુ. મેજી. (ફ.ક.) સાહેબશ્રીની કોર્ટમાં મુ.સંજેલી</u>**

**ક્રિ.કે.નં. ૪૧૧/૨૦૨૬**

**આંક. ૦૬**

ફરીયાદી : **શ્રી સરકાર**

**<u>વિરુધ્ધ</u>**

આરોપી : **અશ્વીનભાઈ ભુરાભાઈ વહોનીયા**

રહે. કરંબા, નવીપરી ફળીયુ તા.સંજેલી જી.દાહોદ

**<u>ગુનો : ધી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ ૬૬(૧) બી મુજબ</u>**

**<u>-::હુકમ::-</u>**

૧. આરોપી સામે ધી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ - ૬૬(૧) મુજબના શિક્ષાને પાત્ર ગુના અંગેનું ર્ચાજશીટ અત્રેની અદાલતમાં રજુ થયેલ છે.

૨. આરોપી અત્રેની અદાોતમાં હાજર રહેલ છે. જેની સદર ગુના અંગે પ્લી રેકર્ડ કરતા તેણે ગુનો કબુલ કરેલ છે અને **<u>આંક ૦૫</u>** થી અલાયદી કબુલાત પુરશીશ રજુ થયેલ છે. જેમાં જણાવેલ છે કે તેઓ કુંટંબ - કબીલાવાળા અને ગરીબ વર્ગના છે અને આ પ્રથમ વખતનો ગુનો છે તેઓને કોઈ જ ગુનાહિત ભુતકાળ નથી. તેઓ કાયદાને માન આપનાર અને જવાબદાર નાગરીક છે તેમજ ભવિષ્યમાં આવા પ્રકારના કોઈ જ ગુના નહી કરવાની પુરેપુરી ખાતરી આપે છે અને તેઓથી અજાણ્યા થયેલ ગુના અંગે તેઓ પસ્તાવો વ્યકત કરી ઓછામાં ઓછી સજા કરવા અરજ કરેલ છે.

૩. આરોપીની કબુલાત સ્વૈચ્છીક હોવાનું જણાય છે. આરોપી ગુનાહીત ભુતકાળ હોવા અંગે રેકર્ડ પર કોઈ મટિરિયલ ઉપલબ્ધ નથી. આરોપીને સારા નાગરીક બનવાની એક તક આપવાથી ન્યાયનો હેતુ જળવાશે તેમજ આરોપીની સામાજીક અને આર્થીક પરિસ્થીતી ધ્યાને લેતા અને હાથ જળવાશે એવું મારુ નમ્ર રહેલ છે પરીણામે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**<u>-::હુકમ::-</u>**

આ કામના આરોપીની બી.એન.એસ.એસ. ની કલમ -૨૭૫ અન્વયે તકસીરવાન ઠરાવી **ધી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ - ૬૬(૧) બી** મુજબ હેઠળના ગુના માટે કોર્ટ ઉઠતાં સુધીની સજા અને **રૂ.૩૦૦/- (અંકે રૂપિયા ત્રણસો પુરા)** નો દંડ કરવામાં આવે છે જો દંડની રકમ ભરવામાં કસુર કરે તો દિન-૦૭ ની સાદી કેદની સજા ભોગવાનો હુકમ કરવામાં આવે છે.

**હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.**

સ્થળ - સંજેલી

તા. ૧૮/૦૮/૨૦૨૬

**(ડો.ટી.આર.ઘોણીયા)**

જયુડીશીયલ મેજી.(ફ.ક)

કોડનં. જી.જે. ૦૧૫૬૧